
# દૂધની કહાણી ગાયની વાણી



राष्ट्रीय डेरी विकास बोर्ड

राष्ट्रीय डेरी योजना
मिशन मिल्क
अगली क्रांति

ઉત્પાદક સ્તરે
સ્વચ્છ દૂધનું ઉત્પાદન

# પ્રસ્તાવના

ઘરમાં દૂધાળુ ગાય કે ભેંસ પાળીને, તેનું દૂધ સહકારી મંડળીમાં આપી દેવાથી જવાબદારી પૂરી થતી નથી. અત્યારે આપણો દેશ દૂધ ઉત્પાદનમાં દુનિયામાં પહેલાં નંબરે પહોંચી ગયો છે. પરંતુ બદલાતી જતી પરિસ્થિતિમાં દૂધ સ્વચ્છ હોય, જલ્દી ન બગાડે, તથા માંદગી ન ફેલાવે, એ ધ્યાન રાખવું પણ તેટલું જ જરૂરી છે. આવા જ સ્વચ્છ દૂધથી સારી વસ્તુઓ બને તો આપણને અને આપણી ડેરી બંનેને ફાયદો થશે. આ માટે આપણે ઘણું બધું કરી શકીએ તેમ છીએ જેમ કે,

(૧) પશુને સ્વચ્છ અને નિરોગી રાખવું.

(૨) પશુ બાંધવાની જગ્યા (ગમાણ) સ્વચ્છ રાખવી.

(૩) તેને સ્વચ્છ પાણી પીવા આપવું.

(૪) દૂધ દોહવા અને દૂધ રાખવા માટે સ્ટેનલેસ સ્ટીલનાં સ્વચ્છ વાસણનો જ ઉપયોગ કરવો.

(૫) દૂધ દોહતાં પહેલાં હાથ સાબુથી ધોવાં.

(૬) બાવલાં સ્વચ્છ પાણીથી ધોઇને સાફ ધોયેલા કપડાથી સૂકવવા.

(૭) દૂધ દોહતાં પહેલાં દરેક આંચળમાંથી દૂધની એક–બે ધાર બહાર જતી કરવી.

(૮) દૂધ દોહનારા સ્વચ્છ અને નિરોગી માણસ હોય, જેઓ બીડી, તમાકુ, પાન વગેરેનું દોહતી વખતે સેવન ન કરે.

(૯) દૂધ આપતાં પશુને લીલો ચારો ખવડાવવો.

(૧૦) દોહ્યાં પછી બાવલાં સ્વચ્છ પાણીથી ધોવાં અને પછી જીવાણુંનાશક મિશ્રણમાં બોળવાં અથવા જીવાણુંનાશક મિશ્રણનો છંટકાવ કરવાથી પશુ આંચળમાં થતા રોગથી બચે.

(૧૧) દૂધ ઢાંકીને મંડળી સુધી જલ્દી પહોંચાડવું.


(૧૨) જો સંભવ હોય તો મંડળી પર દૂધ ઠંડું રાખવું જેથી તે બગાડે નહીં.

જો આ બધી બાબતો ઉપર આપણે અમલ કરીએ તો આપણા દ્વારા મંડળીને પહોંચાડવામાં આવેલા દૂધથી આપણા સૌને ખૂબ ફાયદો થઇ શકે છે. આવો, આપણે સ્વચ્છ દૂધ ઉત્પાદનનાં કાર્યમાં જોડાઇ જઇએ.

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ
આણંદ – ૩૮૮૦૦૧.


# દૂધની કહાણી ગાયની વાણી

રાજનગર ગામમાં બનવારી નામક એક પશુપાલક રહેતો હતો. તેના કુટુંબમાં બે નાના બાળકો અને એની પત્ની રાધા હતી. બનવારીનું કુટુંબ ખાધેપીધે સુખી હતું. કારણ કે તેની ગાય ગંગા અને ભેંસ જમુના ખાસ્સું દૂધ આપતી હતી. બનવારી ગંગા અને જમુનાનું દૂધ એના ગામની સહકારી દૂધ મંડળીમાં આપતો હતો, તે આ મંડળીનો કેટલાંય વરસથી સભ્ય હતો. મંડળીમાં દૂધ આપવાથી બનવારીને સારી આવક થતી હતી અને તેના ઘરમાં કોઇ વસ્તુની ખોટ નહોતી. તેથી તે ખાધેપીધે સુખી હતો. તેના બાળકો ગામની નિશાળમાં ભણતાં હતાં અને દરેક તહેવારને બધા સાથે મળીને ઉત્સાહ અને ઉમંગથી ઉજવતા હતા. બનવારી પોતાને ખૂબ ભાગ્યશાળી માનતો હતો કે તેને ગંગા જેવી ગાય અને જમુના જેવી ભેંસ છે. રાધા અને બાળકો પણ ગંગા અને જમુનાને ખૂબ લાડ કરતાં હતાં. પરંતુ આ હંસતા-રમતા કુટુંબને માથે અચાનક દુ:ખના વાદળ ઘેરાવા લાગ્યાં.



બનવારીનું ખુશહાલ કુટુંબ

ગંગાને કોઇ રોગ લાગુ પડ્યો અને તે માંદી રહેવા લાગી. બનવારીએ તેનો ઇલાજ ઘરે જ કર્યો. પરંતુ તેની કોઇ અસર ના થઇ અને ગંગાનું દૂધ ઓછું તેમજ ખરાબ આવવા લાગ્યું. બનવારીની આવક ઓછી થઇ ગઇ અને તેના ઘરમાં જાત-જાતની મુસીબત પડવા માંડી. રાધાએ ઘણું મનાવ્યા છતાં પણ આ બધી મુશ્કેલીઓથી કંટાળીને બનવારીએ છેવટે ગંગાને વેચવાનો નિર્ણય કરી લીધો.



ગંગા બીમાર, કુટુંબ ચિંતિત, આવક ઓછી

એજ દિવસોમાં નજીકનાં ગામમાં પશુઓનો મેળો ભરાયો. બનવારીએ વિચાર્યું કે તે મેળામાં ગંગાને વેચીને એક નવી ગાય ખરીદી લાવશે.



બનવારી ગંગાને વેચવા માટે મેળામાં જઇ રહ્યો છે

બીજે દિવસે બનવારી ગંગાને લઇને મેળામાં જવા તૈયાર થયો. રાધા અને બાળકો ગંગાને પકડીને રોવાં લાગ્યાં. બનવારીની આંખો પણ ભીની થઇ ગઇ, પરંતુ તેણે પોતાના હૃદયને કઠણ કર્યું. અને ઘરના લોકોને સમજાવીને તે ગંગાને લઇ મેળા તરફ ચાલી નીકળ્યો.

અધવચ્ચે બનવારી થોડીવાર આરામ કરવા એક ઝાડ નીચે રોકાયો. તેનું મન પણ ઉદાસ હતું. ગંગાની આંસુભરી આંખોને જોઇને તેણે એક નિ:સાસો નાંખ્યો અને કહ્યું – 'મને માફ કરી દે ગંગા.'

બનવારી વિચારોમાં ખોવાયેલો હતો ત્યાંજ તેણે એક અવાજ સંભળાયો – 'ભાઇ', તેણે પાછું ફરીને જોયું તો ગંગા તેની સાથે વાતો કરી રહી હતી. 'ભાઇ, મને આપનાં કુટુંબથી જુદી ના કરો. મને વેચશો નહીં, ભાઇ.' બનવારીને વિશ્વાસ ન થયો, તેને લાગ્યું કે તે સપનું જોઇ રહ્યો છે. આ જ વિચારીને તે ગંગા સાથે વાતો કરવા લાગ્યો. તેણે કહ્યું, 'શું કરું ગંગા, હું મજબુર છું. તારું દૂધ ઓછું અને ખરાબ થવાથી મારી આવક ઘણી ઓછી થઇ ગઇ છે. આવક વધારવા માટે જરૂરી છે કે હું તને વેચીને બીજી ગાય લઇ આવું. મને તને વેચવાનું દુ:ખ છે, પરંતુ કોને ખબર તને કયો રોગ લાગુ પડી ગયો છે કે તારું દૂધ ઓછું તો થઇ જ ગયું છે સાથે જ ખરાબ પણ થઇ ગયું છે.'



રસ્તામાં ગંગા બનવારી સાથે વાતો કરે છે

‘પણ એમાં મારો શો દોષ છે ?’ ગંગાએ પૂછયું.

ઉંડો શ્વાસ લઇને બનવારીએ હકાર ભણ્યો, ‘હા ગંગા, જેવી ઉપરવાળાની મરજી’

ગંગાએ કહ્યું, ‘આમાં ઉપરવાળાનો કોઇ હાથ નથી. માફ કરજો ભાઇ, પરંતુ સાચું તો એ છે કે બધી ભૂલ તમારી અને રાધાભાભીની છે. તમને લોકોને દૂધાળા પશુઓનું ધ્યાન રાખતા નથી આવડતું.’


બનવારીએ આશ્ચર્યચકિત થઇ પૂછયું, ‘આ તું શું કહી રહી છે ગંગા ? અમે તો પેઢીઓથી પશુપાલનનો ધંધો કરતા આવ્યાં છીએ.’ ગંગાએ કહ્યું, ‘આને સમજાવવા હું તમને દૂધની કહાણી સંભળાવું છું.’

બનવારી કાંઇ સમજ્યો નહીં અને તેણે પૂછયું, ‘દૂધની કહાણી ?’

‘હા, સ્વચ્છ અને તાજું દૂધ કાઢવા અને તેની ગુણવત્તા જાળવી રાખવા માટે પશુની સાર-સંભાળ કેવી રીતે કરવી જોઇએ આ જ બધું દૂધની કહાણીમાં છે.’

‘આ કહાણી તને કોણે સંભળાવી ?’ બનવારીએ નવાઇ પામતાં પૂછયું.

ગંગાએ કહ્યું, ‘એક દિવસ હું અને જમુના ચારો ચરવા ખેતરમાં ગયા હતા. ત્યાં અમને ગૌરી અને પારો નામની બે ગાયો અને ચંપા નામની ભેંસ મળી, જેમને કદી કોઇ માંદગી થતી નહોતી અને તેઓનું દૂધ પણ ક્યારેય ખરાબ નહોતું આવતું.’



ગૌરી, ચંપા, પારો, ગંગા અને જમુનાને
દૂધની કહાણી કહે છે

‘એમ !’

‘હા, તેમના માલિકે ડેરી-વિજ્ઞાનનું શિક્ષણ મેળવ્યું છે. ગૌરી, ચંપા અને પારોએ જ અમને પોતાની રહેણી-કરણી અને દૂધ સ્વચ્છ રાખવાની વાતો કહી. હું તે જ કહાણી તમને સંભળાવું છું.’

‘સારું, સંભળાવ,’ બનવારીએ કહ્યું.

પારો : બહેનો, તમારી તકલીફો જોઇને મારું મન ઉદાસ થઇ ગયું છે. હું, ગૌરી અને ચંપા તમને સમજાવીશું કે તમારા માલિકે કઇ રીતે તમારો અને તમારા દૂધનો ખ્યાલ રાખવો જોઇએ.

ચંપા : અમારી વાતો ધ્યાનથી સાંભળજો અને તમારા માલિકને જણાવજો. જો અમારા જણાવેલા ઉપાયોનું પાલન કરવામાં આવશે તો તમે ક્યારેય માંદા નહીં પડો.

ગૌરી : અને ઉત્તમ દૂધ આપી શકશો, જેનાથી તમારા માલિકની કમાણી પણ પહેલાં કરતાં વધુ થઇ જશે.

ગંગા : બતાવો બહેન, અમે પણ એ જ ઇચ્છીએ છીએ.


ગૌરી : પહેલાં દૂધ વિશે સાંભળી લો. જો ગાય કે ભેંસ તંદુરસ્ત હોય તો તેના બાવલાંમાંથી નીકળતાં દૂધમાં કોઇ દોષ નથી હોતો.

ચંપા : દૂધની આ ગુણવત્તા ટકાવી રાખવા માટે પશુ, પશુઘર, પશુપાલક, દૂધનાં વાસણ વગેરેની સાફ-સફાઇ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. સાથે જ દોહ્યાં પછી દૂધ ને તુરંત જ મંડળીએ પહોંચાડી દેવું જોઇએ. જો આ વાતનું ધ્યાન રાખવામાં ન આવે તો દૂધમાં સૂક્ષ્મ જીવાણુંઓની સંખ્યા વધી જાય છે અને દૂધ ખરાબ થઇ જાય છે.

જમુના : સૂક્ષ્મ જીવાણું ? પરંતુ મેં તો દૂધમાં ક્યારેય સૂક્ષ્મ જીવાણું નથી જોયાં.

બીજા બધા : હા, અમે પણ નથી જોયાં.

પારો : કારણ કે સૂક્ષ્મ જીવાણું એટલાં નાનાં હોય છે કે નરી આંખે નથી દેખાતાં. તેમને જીવાણું પણ કહેવાય છે. તે ફક્ત સૂક્ષ્મદર્શક યંત્રથી જ જોઇ શકાય છે. આ જ જીવાણુંઓ દૂધની ગુણવત્તાને ઓછી કરે દે છે.



જીવાણું
જોવાનું સૂક્ષ્મદર્શક યંત્ર

ગંગા : એટલે કે તમે જે સાફ-સફાઇની વાતો જણાવી તેનું પાલન કરવામાં આવે તો દૂધ સારું રહેશે ?

પારો : સાચી વાત બહેન, જો સ્વચ્છ અને તંદુરસ્ત ગાય કે ભેંસને સાફ-સુથરી વ્યક્તિ ચોખ્ખા વાસણમાં દોહે અને તેની આજુબાજુની જગ્યા સાફ હોય તો દૂધમાં જીવાણુંની સંખ્યા ઓછી રહે છે. તેનાથી દૂધમાં માટી, માખી વગેરે પણ નથી આવતાં.

ચંપા : અને જો આવા દૂધને ઢાંકેલા સ્ટીલના વાસણમાં જલ્દી જ મંડળી સુધી પહોંચતું કરવામાં આવે તો દૂધની ગુણવત્તા વધુ સમય સુધી ટકી રહે છે.

પારો : તમને બધાને આ જાણીને નવાઇ થશે કે જો ઉપર જણાવેલ વાતોનું બરાબર પાલન ન કરવામાં આવે તો ડેરી સુધી આવતાં-આવતાં દૂધના દરેક ટીપામાં જીવાણુંની સંખ્યા હજારો-લાખો સુધીની થઇ જાય છે.

જમુના : બાપ રે !

ગૌરી : હા, અને આ જીવાણું દરેક ૧૫ થી ૨૦ મિનિટમાં બે ગણા થઇ જાય છે જેના કારણે દૂધની ગુણવત્તા ઝડપથી ઘટવા લાગે છે.


જમુના : પરંતુ સ્વચ્છ દૂધથી આપણાં માલિકને શું ફાયદો થશે ?

ગૌરી : જો દૂધ સ્વચ્છ અને તાજું રહેશે તો તેને પીનારાં બધા તંદુરસ્ત રહેશે અને તેઓ હંમેશા તે જ ડેરીનું દૂધ ખરીદશે.

ચંપા : આવા દૂધમાંથી બનનારી દરેક વસ્તુ પણ ઉચ્ચ ગુણવત્તાવાળી અને સ્વાદિષ્ટ હશે. આવી વસ્તુઓ જલ્દી ખરાબ નહીં થાય. આનાથી પશુપાલક અને ડેરી બંનેની આવક વધશે.

ગંગા : બહેન, અમને દૂધ સ્વચ્છ રાખવાનાં ઉપાય બતાવો.

પારો : તેનાં માટે સૌથી પહેલાં ગાય કે ભેંસને તંદુરસ્ત રાખવી પડશે. તેની ગમાણ સાફ-સફાઇવાળી હોવી જોઇએ. તને ક્યાં રાખવામાં આવે છે ?



સ્વચ્છ અને નિરોગી પશુ


જમુના : અમને તો ઘરની આગળના ભાગમાં ઝાડ સાથે બાંધવામાં આવે છે. પરંતુ બેસવાની જગ્યા ગંદી થઇ જાય છે કારણ કે મૂત્ર અને છાણ વગેરે ત્યાં ભેગું થાય છે. ત્યાં કોઇ સફાઇ પણ નથી કરતું. અને અમે અમારી ગંદકીમાં જ પડી રહીએ છીએ.

ચંપા : રહેવાની જગ્યા ઉપર છાપરું હોવું જોઇએ અને જગ્યા હવા–ઉજાસવાળી અને આરામદાયક હોવી જોઇએ. સાથે સાફ પીવાલાયક પાણીની વ્યવસ્થા પણ હોવી જોઇએ.


ગૌરી : આ જગ્યા પર અને આસપાસ ચોખ્ખાઇ રાખવી જોઇએ. દૂધ દોહવાની જગ્યાએ ચારો ભેગો ના કરવો જોઇએ. ગાય કે ભેંસને રાખવાની જગ્યાએ ઓછામાં ઓછી માટીની સાફ–સફાઇવાળી ફર્શ તો હોવી જ જોઇએ. જો પાકી ફર્શ બનાવી શકાય તો વધુ સરસ.

ગંગા : બીજું શું કરવું જોઇએ ?

ગૌરી : જયાં પશુઓને બાંધીને રાખવામાં આવે છે તે સ્થાન એવું હોય કે પાણી કે મૂત્ર વહીને નાળી દ્વારા નીકળી જાય અને તેનો સૂકવવા માટે ખાડામાં નિકાલ થાય.



ગાય કે ભેંસને ચોખ્ખી જગ્યામાં રાખવા જોઇએ અને ફર્શ પાકી અને આરામદાયક હોવી જોઇએ



છાણને પશુઓથી દૂર ખાતરના ખાડામાં કે ગોબર ગેસ પ્લાન્ટ સુધી પહોંચાડવું જોઇએ

પારો : છાણને પશુઓથી દૂર ખાતરના ઢગલા કે ગોબર ગેસ પ્લાન્ટ સુધી પહોંચાડવું જોઇએ.

આટલી કહાણી સંભળાવી ગંગા ચુપ થઇ ગઇ. બનવારી તેની વાતો ધ્યાનથી સાંભળી રહ્યો હતો અને આગળની કહાણી સાંભળવા ઉત્સુક હતો. તેણે ગંગાને પૂછયું, ‘મને આખી કહાણી સંભળાવ. બીજું શું શું સમજાવ્યું તને પારો, ગૌરી અને ચંપાએ ?’

ગંગા બોલી, 'તેમણે મને ઘણી વાતો કહી, પરંતુ આપણે અહીં બેસી રહીશું તો સાંજ પડી જશે. ઘરમાં રાધાભાભી અને બાળકો ચિંતા કરતાં હશે. ચાલો ઘરે જઇએ. બાકીની કહાણી હું રસ્તામાં સંભળાવીશ.'


બનવારી ગંગા સાથે ઘરે પાછો આવી રહ્યો છે

બનવારીને પણ વાત સાચી લાગી અને તે ગંગાનું દોરડું છોડીને, તેને લઇને ઘર તરફ જવા લાગ્યો. થોડી વાર ચાલ્યાં પછી તેને કાંઇક યાદ આવ્યું અને તે અચાનક અટકી ગયો અને બોલ્યો, 'પરંતુ આપણે તો મેળામાં જઇ રહ્યા હતાં.'


ગંગાનું મન જે ઘેર જવાની ખુશીમાં ઝૂમી ઉઠ્યું હતું, આ સાંભળીને ઉદાસ થઇ ગયું અને તે બોલી, 'ભાઇ, હું આ કહાણી તમને એટલા માટે સંભળાવતી હતી કે જો તમે સાચી રીતે મારી સંભાળ રાખશો, તો હું ક્યારેય માંદી નહીં પડું. જેનાથી હું વધુ, સ્વચ્છ અને પૌષ્ટિક દૂધ પણ આપીશ અને તમારી આવક પણ વધશે. છતાં પણ તમે મને મેળામાં વેચવા માંગો છો ?'

બનવારીએ થોડી વાર વિચાર્યું અને કહ્યું, 'સારું, એક વાર તારા બતાવ્યા અનુસાર તારી સંભાળ રાખીશું, જો તું સ્વસ્થ થઇ જઇશ તો હંમેશા અમારી સાથે રહીશ. ચાલ ! સારું... હવે આગળની કહાણી સંભળાવ'

ગંગાનું મન ફરીથી ખુશીથી ઝૂમી ઉઠ્યું અને તેણે વાત આગળ વધારી, 'આ પછી ચંપા અને પારોએ દૂધ દોહનાર વિશે જણાવ્યું.'

પારો : જો દૂધ દોહનાર માંદો હોય તો તેની માંદગીની અસર દૂધ ઉપર પણ થાય છે.

ચંપા : આથી કોઇને શરદી, ઉધરસ, ઝાડા, ક્ષયરોગ, ચામડીનો રોગ કે ચેપી રોગ હોય કે તેના લક્ષણ જોવાં મળે તો તેણે દૂધ દોહવું ના જોઇએ.


દૂધ દોહનારાં સ્વચ્છ હોવાં જોઇએ

પારો : ઘા, ગુમડાં, ફોડલાં ખુલ્લાં હોય કે હાથ પર ક્યાંય ઘા પડ્યો હોય તો સારી રીતે મલમપટ્ટી કર્યા વગર દૂધ દોહવું ના જોઇએ.

ચંપા : દૂધ દોહનાર વ્યક્તિ સાફ-સુથરી હોવી જોઇએ. તેના કપડા ધોયેલા અને ચોખ્ખા હોવાં જોઇએ. દૂધ દોહતી વખતે દોહનારે અને આજુબાજુના લોકોએ ઉધરસ કે છીંક ખાવી ના જોઇએ. તે સમયે ત્યાં પાન, તમાકુ, બીડી, પાન-મસાલા વગેરેનું સેવન પણ ન કરવું જોઇએ.

આ બધું સાંભળી બનવારી બોલ્યો, 'સાચું ગંગા, આપણે બધા આ ભૂલો કરીએ છીએ. હવે પછી દોહતી વખતે આ બધી વાતોનો ખ્યાલ રાખીશું.'


આટલી કહાણી સાંભળતા-સંભળાવતાં બનવારી અને ગંગા ઘરે પહોંચી ગયા. ગંગાને ઘરે પાછી આવેલ જોઇને રાધા અને બાળકો ખૂબ ખુશ થયા. રાધાએ આશ્ચર્ય સાથે પૂછયું : 'અરે ! ગંગાને પાછી લઇ આવ્યા ?' રાત્રે ખાઇ પીને જ્યારે કુટુંબ પરવારી ગયું ને બાળકો સૂઇ ગયાં ત્યારે બનવારીએ રાધાને ગંગાએ કહેલી દૂધની કહાણી કહી સંભળાવી. સાંભળીને રાધાને અચરજ પણ થયું અને ખુશી પણ. બીજા દિવસે બનવારી અને રાધા જ્યારે ગંગા પાસે ગયા તો રાધાએ કહ્યું, 'ગંગા, તારા ભાઇએ મને દૂધની કહાણી સંભળાવી. તું ચિંતા ના કરીશ, હવે અમે તારી સંભાળ તારી સખીઓએ જણાવ્યા પ્રમાણે રાખીશું.'

ગંગાની આંખોમાં ખુશીના આંસુ આવી ગયાં. તે બોલી, 'ભાભી, હું તો આખી જીંદગી આપ સૌની સેવા કરવા માંગુ છું, જોકે બીજી વાતો પણ છે જેનો ખ્યાલ રાખવો પડશે, જેથી હું અને જમુના સ્વસ્થ રહીને સ્વચ્છ, પૌષ્ટિક અને વધુ દૂધ આપી શકીએ.'

રાધાએ કહ્યું, 'ગંગા, અમારે બીજી કઇ-કઇ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ ?'


ગંગાએ કહ્યું, 'ઘરમાં જોવા મળતી માખી આપણી દુશ્મન છે. માખીઓના શરીર પર લાખોની સંખ્યામાં જીવાણું જોવા મળે છે. તે કેટલીય માંદગીઓ લાવે છે અને દૂધને ખરાબ કરે છે.'

રાધાએ પૂછયું : 'હાં, એટલે કે માખીઓને દૂધથી દૂર રાખવાથી પણ દૂધ ચોખ્ખું રહેશે ?'



એક માખીના શરીર પર લગભગ ૧૧ લાખ જીવાણું જોવા મળે છે

ગંગા : હા, માખીઓ અને ગંદકી બંનેથી દૂધને બચાવવું જરૂરી છે. જો ગાય કે ભેંસના શરીર પર ગંદકી હોય તો તેના પર કરોડો જીવાણું જોવા મળે છે. આ માટે દોહતાં



*દોહતાં પહેલાં શિયાળામાં પશુઓને નરમ બ્રશથી ઘસીને સ્વચ્છ રાખો અને ગરમીનાં દિવસોમાં પાણીથી સાફ રાખો*

પહેલાં પશુને સાફ કરવું જરૂરી છે. ઉનાળામાં પશુને પાણીથી સાફ કરવાં. અને શિયાળામાં નરમ બ્રશથી ઘસીને સાફ રાખવાં, જેથી કરીને તેની રૂવાંટી અને શરીર પરના જીવાણું દૂર થઇ જાય.


રાધા : સારું ! આ વાતનું ધ્યાન રાખીશ.

ગંગા : સ્વચ્છ દૂધ માટે વાસણ પણ સ્વચ્છ હોવું જોઇએ. દૂધના વાસણને સાબુથી ધોઇ લેવું જોઇએ. વાસણમાં માટી ન રહે તેનું પૂરતું ધ્યાન રાખવું જોઇએ. તેને ધોયાં પછી તરત સૂકવવા માટે ચોખ્ખી જગ્યા પર ઊંધા રાખવા.

રાધા : સારું.

ગંગા : ગાય અને ભેંસના બાવલાંને સ્વચ્છ પાણીથી ધોઇને સાફ ધોયેલા કપડાથી સૂકવવા જોઇએ.

રાધા : પરંતુ હું તો તેમ જ કરું છું.



*ગાય અને ભેંસના દરેક આંચળને ચોખ્ખા પાણીથી ધોઇને સ્વચ્છ ધોયેલા કપડા દ્વારા સૂકવવા જોઇએ*

ગંગા : તમે તમારી સાડીના પાલવથી અમારા આંચળને લૂછો છો, જે ગંદો હોઇ શકે છે. ખરેખર તો સાફ-સુથરા કપડાનો ઉપયોગ જરૂરી છે. દૂધ દોહતાં પહેલાં દરેક આંચળમાંથી દૂધની એક બે ધાર કાઢીને જતી કરવી. આનાથી આંચળમાં જમા થયેલ જીવાણું નીકળી જાય છે.



દોહતાં પહેલાં દરેક આંચળમાંથી એક-બે ધાર દૂધની કાઢીને જતી કરવી જોઇએ

દૂધ દોહતાં પહેલાં હાથ સાબુથી ધોવાં જોઇએ.




દૂધ દોહતાં પહેલાં હાથને સાબુથી ધોવાં જોઇએ

દોહનારે પોતાની આંગળીઓ ક્યારેય પણ દૂધમાં બોળવી ન જોઇએ અને પશુના આંચળ પર તેલ લગાવવું નહીં.



આંગળીઓને દૂધમાં ડૂબાડવી ના જોઇએ

દૂધ દોહતી વખતે પોતાના શરીરનું કોઇ પણ અંગ કે કપડું, દૂધ કે દૂધના વાસણને અડવું ન જોઇએ.

બનવારી : સારું !

ગંગા : એટલું ધ્યાન રાખવું કે આંચળમાં થોડું પણ દૂધ ન રહી જાય કારણ કે તેના લીધે આંચળમાં જીવાણું ઝડપથી વધે છે. તેના કારણે પશુને રોગ થવાની સંભાવના વધી જાય છે.


દોહ્યાં પછી આંચળોને સ્વચ્છ પાણીથી ધોવાં અને જીવાણુંનાશક (આયોડોફોર) મિશ્રણમાં બોળવાં અથવા તેની ઉપર મિશ્રણનો છંટકાવ કરવો જોઈએ




દોહ્યાં પછી દરેક આંચળોને સ્વચ્છ પાણીથી ધોવાં જોઈએ અને જીવાણુંનાશક મિશ્રણમાં બોળવાં અથવા તેની ઉપર મિશ્રણનો છંટકાવ કરવો જોઈએ


બનવારી : ચાલો, આ વાતનુંય ધ્યાન રાખીશું.

ગંગા : જે વાસણમાં દૂધ કાઢી અને મંડળીમાં ભરવા લઇ જવાનું હોય તે સ્ટેનલેસ સ્ટીલનું જ હોવું જોઇએ. તેનું ઢાંકણું બરાબર બંધ થવું જોઇએ. જેના કારણે તેમાં માખી, ગંદકી વગેરે પડે નહીં. દૂધને મંડળી સુધી જલ્દી પહોંચાડવામાં આવે તો જ દૂધ સારું રહેશે.



દૂધના વાસણોને સૂકવવા માટે તેને ધોઇને ઊંધા પાડવા જોઇએ


દૂધની આ કહાણી સાંભળ્યા પછી બનવારી અને રાધાએ ગંગાનાં બતાવેલ રસ્તા પર ચાલવાનું શરૂ કરી દીધું. પ્રથમ તો ગંગાનો ઇલાજ ડેરીના પશુઓની સારવાર કરનાર ડૉક્ટર પાસે કરાવ્યો. યોગ્ય ઇલાજ થવાથી ગંગા જલ્દીથી સ્વસ્થ થઇ ગઇ. રાધાએ ગંગા દ્વારા બતાવેલ બધી વાતોનું સારી રીતે પાલન કર્યું. ગંગા અને જમુનાને બાંધવાની જગ્યા અને આસપાસની જગ્યાને રાધા અને બાળકોએ મળીને સાફ કરી.



ગંગાનો ઇલાજ થયો, બનવારીના ઘરમાં ખુશી પાછી આવી


આનાથી ગંગાનું દૂધ સ્વચ્છ અને વધુ નીકળવા લાગ્યું. બનવારીના કુટુંબની આવક વધી ગઇ અને તે અગાઉની જેમ ખુશહાલ થઇ ગયો. હવે બનવારી અને રાધા બીજા દૂધાળા પશુ ઘરે લાવવાનું વિચારવાં લાગ્યાં.

સ્વચ્છ અને નિરોગી પશુ




(૧)

પશુ બાંધવાની સ્વચ્છ જગ્યા (ગમાણ)




(૨)

સ્વચ્છ પીવાનું પાણી



(૩)

દૂધ ભરવાનાં સ્વચ્છ
સ્ટેનલેસ સ્ટીલનાં વાસણ




(૪)

દૂધ દોહતાં પહેલાં હાથ સાબુથી ધોવાં




(૫)

આંચળોને સ્વચ્છ પાણીથી ધોઇને ધોયેલા
સાફ કપડાથી સૂકવવા




(૬)

દોહતા પહેલાં દરેક આંચળમાંથી
દૂધની એક-બે ધાર કાઢીને
જતી કરવી




(૭)

સ્વચ્છ અને નિરોગી દૂધ
દોહનારા




(૮)

દૂધ આપતાં પશુને લીલો ચારો
ખવડાવવો



(૯)


દોહ્યાં પછી આંચળને સ્વચ્છ પાણીથી
ધોવાં અને જીવાણુંનાશક મિશ્રણમાં
બોળવાં અથવા તેની ઉપર મિશ્રણનો
છંટકાવ કરવો જોઈએ



જીવાણુંનાશક સ્પ્રે અને મિશ્રણ


(૧૦)

મંડળી સુધી દૂધ ઢાંકીને જલ્દી
પહોંચાડવું




(૧૧)

દૂધને જલ્દી ઠંડું કરવાનું મશીન



(૧૨)

© The Copy Right reserved with the National Dairy Development Board, Anand 388 001, India. (R4-JUNE 2017)



**ક્યારેક સાંભળ્યું છે કે સંગીતની ધુન સાંભળી ગાય/ભેંસ વધુ આપે છે દૂધ ?**

પુરાણોમાં સંગીતને ઈશ્વર માનવામાં આવ્યું છે.
અને આયુર્વેદે આ વિચાર પર ભાર મૂક્યો છે કે
મોટામાં મોટો રોગ સંગીતથી દૂર થઈ શકે છે.
શોધખોળથી જાણવા મળ્યું છે કે પશુ પણ
સંગીતની મજા લે છે.
સંગીત સંભળાવવાથી
ગાય/ભેંસ રાહત અનુભવે છે.
દોહતી વખતે મધુર સંગીત સંભળાવો
અને પરિણામ પોતેજ જાણી લો.


## રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ
**આણંદ**

'Gujarati' version of the original 'Hindi' book "Doodh Ki Kahani, Gai Ki Zabani"
published by NDDB, Anand.